**ક્રિમિનલ કેસ નં ૫૫૧/૨૦૨૬**

**:: આંક–૧ નીચે હુકમ ::**

આરોપી વિરુધ્ધ પ્રોહિબિશન એકટની કલમ ૬૫–એએ, ૧૧૬ (બી), ૯૮(૨) મુજબ ના ગુન્હા અંગે ઈન્સાફી કાર્યવાહી અર્થે હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે. જે સબધેની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપીઓએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓની પ્લી રેકર્ડ કરવામા આવેલ છે. જેમાં પણ આરોપીઓએ તેમની સામેના ગુન્હાની કબુલાત કરેલી છે, જેથી આરોપીઓને સમજાવવામાં આવેલ છે કે, ગુન્હો કબુલ કરવા તે બંધાયેલ નથી તેમ છતાં તે તેમની કબુલાતને વળગી રહેલ છે. આરોપીઓ તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છીક હોવાની ખાત્રી થતા તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીઓને તેમની સામેના ઉપરોકત શિક્ષાને પાત્ર ગુન્હા માટે આરોપીઓને તકસીરવાન ઠરાવવામાં આવે છે. વધુમાં આરોપી તરફે તેમને સુધરવાની તક આપવાની માંગણી કરેલ છે. અને ગુન્હો કર્યાનો અફસોસ છે તેમજ તેમની ઉપર કુટુંબની જવાબદારી છે અને પ્રથમ ગુન્હો હોવાનું અને ગરીબ માણસ હોવાનું જણાવી દયા કરવા અરજ કરેલ છે. આ હકીકત ધ્યાને લેતા કેસના સંજોગો ધ્યાને લેતા અને આરોપીની રજુઆત તથા સંજોગો તથા ન્યાયનું હીત ધ્યાને લેતા અને આરોપીને એકવાર સુધરવાની તક આપવાના હેતુથી કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા માટેના પુરતા અને વ્યાજબી અને વિશીષ્ટ કારણો જણાય છે. હાલના ગુન્હા અન્વયે વીસ લીટર કરતા ઓછો પ્રોહીબીટેટ મુદામાલ કબજે લેવાયેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જી.એલ.આર. પેઈજ નં.૭૦૯ ના ચુકાદામા પ્રસ્થાપીત કરેલા સિધ્ધાંતો મુજબ પણ આરોપીને ઠરાવેલ ન્યુનતમ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે તેવું પ્રસ્થાપીત કરાયેલ છે જે ધ્યાને લઈ અને આરોપીની રજુઆત જોતા તથા આક્ષેપયુકત ગુન્હામાં રજુ ચાર્જશીટ માં લગાડાયેલ એકટની કલમ તથા વર્ણાવાયેલ પ્રકાર અને રજુ મુદામાલ ધ્યાને લઈને ન્યાયના હિત મા નિચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

**: હુકમ :**

આરોપીને આજરોજ સ્પેશ્યલ સીંટીંગમા ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૫ એએ, ૧૧૬(બી), ૯૮(૨) ના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી આરોપીને રુા. ૫૦૦/– (અંકે રુપિયા પાંચસો પુરાનો ) દંડ કરવામાં આવે છે. આરોપી જો દંડ ની રકમ ન ભરે તો દિન–૧ (એક) ની સાદી કેદની સજા કરવામાં આવે છે. સદર કામે રહેલ બિન કિંમતી મુદામાલ નાશનો કરવા હુકમ કરવામાં આવે છે.

**(પ્રમોદ ચીમનભાઈ રોહિત)**
એડી.સીનીયર સીવીલ જજ
અને એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
ધ્રાંગધ્રા,(જી.જે.૦૧૨૮૪)

તારીખ ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ–ધ્રાંગધ્રા.